નો ફેવર, નો ફિઅર...
# સામના મિરર
Daily Morning Newspaper
RNI title code no. GUJGUJ18053 RNI Reg. No. GUJGUJ/2023/85765
માલિક/એડિટર : રાજેશ ઉદયકુમાર બગડાઈ | Date : 1 MAY 2024 | WEDNESDAY | Page : 16 | Year : 2 | Issue : 27 | Price: 2/-




આજે અટલ સરોવરમાં ફાઉન્ટેન, તળાવ અને નયનરમ્ય ગાર્ડન અને ન્યુ રેસકોર્સ ખુલ્લુ મુકાશે

જુઓ પેજ નં.૬

# સુરતમાં ૧ કરોડનું ડ્રગ્સ મૂકી આરોપીઓ ફરાર

## ■ સુરતમાં ખાખીને જોઈ હાઈ પ્યોરિટી MD ડ્રગ્સનો જથ્થો છોડી બે આરોપી અલગ-અલગ દિશામાં ઊભી પૂંછડીએ ભાગ્યા



સુરતમાંથી ૧ કરોડથી વધુનું હાઈ પ્યોરિટી MD ડ્રગ્સ ઝડપાયું છે. શહેરના લાલગેટ વિસ્તારમાં પોલીસે દરોડા કરતા બે આરોપી MD ડ્રગ્સ સાથે અન્ય માલ સામાન મુકીને ઊભી પૂંછડીએ ભાગ્યા હતા. આરોપી ભાગતા હોવાના CCTV પણ સામે આવ્યા છે. ભાગેલા બે આરોપીને પકડવા માટે પોલીસે પીછો કર્યો હતો પરંતુ કાળો કારોબાર કરનારાઓને ભાગવામાં સફળતા મળી હતી. જોકે હાલ તો પોલીસે ડ્રગ્સનો જથ્થો જપ્ત કરી આરોપીઓને પકડવા માટે આગળની કાર્યવાહી હાથ ધરી છે.

મળતી માહિતી અનુસાર સુરત SOG-PCB પોલીસની ટીમે લાલગેટ વિસ્તારમાંથી હાઈ પ્યોરિટી ૧ કિલો જેટલું ૧ કરોડનું મેફેડ્રોન ડ્રગ્સ ઝડપી પાડ્યું છે. સુરત SOG-PCB પોલીસની ટીમને બાતમી મળી હતી કે, આરોપી મોહમદ કાસીફ ઇકબાલ ઉર્ફે પસીના શેખ અને શેહબાઝ ઈર્શાદ હુસેન ખાન નામના બે શખસ વચ્ચે લાલગેટ વિસ્તારમાં મોટી ડ્રગ્સની ડીલ થનાર છે. જેને લઈને પોલીસ દ્વારા લાલગેટ લાલમીયા મસ્જીદની સામે મદ્રેસા ઈસ્લામીયાહ સુફીબાગ શાખાની આસપાસ વોચ ગોઠવી હતી અને બંને શખસ વચ્ચે ડ્રગ્સની ડીલ થતી હતી. તે દરમિયાન પોલીસે ત્યાં દરોડા પાડ્યા હતા, પરંતુ પોલીસ તેઓને પકડે તે પહેલા જ બંને શખસ મોપેડ અને ડ્રગ્સ ભરેલી બેગ ફેંકીને ત્યાંથી ભાગી છુટ્યા હતા. પોલીસે બેગ ચેક કરતા તેમાંથી ૧ કરોડની કિંમતનું ૧ કિલોગ્રામ મેફેડ્રોન ડ્રગ્સ મળી આવ્યું હતું.

ઉલ્લેખનીય છે કે, પોલીસને જોઈને બંને આરોપીઓ ભાગ્યા હતા અને પોલીસ દ્વારા પણ તેઓને પકડવાની કોશિશ કરવામાં આવી હતી, પરંતુ આરોપીઓ ભાગવામાં સફળ રહ્યા છે. પોલીસ આરોપીઓને પકડવા તેમની પાછળ દોડી હતી તે સમગ્ર ઘટના ઈઈઝટ કેમેરામાં કેદ થઈ ગઈ હતી. આ ઘટનાના ઈઈઝટ ફૂટેજ પણ સામે આવ્યા છે. જેમાં જોઈ શકાય છે કે બંને આરોપીઓ ભાગી રહ્યા છે અને પોલીસની ટીમ તેમને પકડવા પીછો કરી રહી હતી.

જોકે પોલીસને ઘટના સ્થળ પરથી મળી આવેલી બેગમાંથી MD ડ્રગ્સનું રો-મટીરીયલ હતું. જેથી FSLની ટીમને ત્યાં તપાસ માટે બોલાવી હતી. FSL સહિત લેબોરેટરી દ્વારા તપાસ કરતા આ પદાર્થ હાઈ પ્યોરિટી ડ્રગ્સ હોવાનું સામે આવ્યું હતું. આટલા મોટા પ્રમાણમાં ડ્રગ્સનો જથ્થો સુરતમાંથી મળી આવતા પોલીસ પણ ચોંકી ઉઠી હતી, ત્યારે પોલીસે ડ્રગ્સ, ૩ મોબાઈલ, ૨ મોપેડ અને સામાજિક સંસ્થાનું આઈ કાર્ડ મળી કુલ ૧.૩૦ કરોડનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. આ મામલે લાલગેટ પોલીસ મથકમાં ગઉડ્જ અધિનિયમ હેઠળ ગુનો નોંધી વોન્ટેડ આરોપીઓને પકડવાના ચક્રો ગતિમાન કરવામાં આવ્યા છે.

આ અંગે સુરતના જોઈન્ટ પોલીસ કમિશનર રાઘવેન્દ્ર વત્સએ જણાવ્યું હતું કે, પોલીસને મળેલી બાતમીના આધારે ખઉ ડ્રગ્સના નેટવર્કને ઝડપી પાડવામાં આવ્યું છે. હાલ પોલીસ બંને આરોપીઓની શોધખોળ કરી રહી છે. આરોપીઓની ધરપકડ થાય બાદ જાણી શકાશે કે આ હાઈ પ્યોરિટી ડ્રગ્સ તેઓ ક્યાંથી લાવ્યા હતા. શહેરમાં ક્યાં ક્યાં આપવાના હતા. જોકે શહેરમાં આ ખઉ ડ્રગ્સના નશાનો કારોબાર ફેલાય તે પહેલા ઝડપી પાડવામાં આવ્યું છે.

# મોદીના ગુજરાત પ્રવાસને લઈ અભય ચૂડાસમા, સુભાષ ત્રિવેદી, રાજકુમાર પાંડિયન સહિતના ઉચ્ચ અધિકારીના શિરે વાબદારી

ગાંધીનગર, તા. ૩૦: વડાપ્રધાન નરેન્દ્ર મોદી આવતીકાલે ગુજરાતમાં ચૂંટણીનો પ્રચાર કરવા માટે આવવાના છે, જે માટે તેમના કાર્યક્રમ નિશ્ચિત કરી દેવામાં આવ્યા છે. એમાં સૌરાષ્ટ્રમાં જામનગર, વઢવાણ અને ઉત્તર ગુજરાતમાં બનાસકાંઠા અને સાબરકાંઠામાં સભા-રેલીનું આયોજન કર્યું છે. હાલ સમગ્ર ગુજરાતમાં પુરુષોત્તમ રૂપાલાના નિવેદન બાદ ક્ષત્રિય સમાજ દ્વારા અલગ-અલગ જગ્યાએ વિરોધ અને પ્રચારમાં આવતા નેતાઓનો પણ વિરોધ થઈ રહ્યો છે. આ વચ્ચે નરેન્દ્ર મોદીની સભામાં સહેજ પણ ચૂક ના રહી જાય એ માટે ખાસ વ્યવસ્થા કરી દેવામાં આવી છે.,જેમાં એડિશનલ ડીજીપી કક્ષાના અધિકારીઓને સુરક્ષાની જવાબદારી સોંપવામાં આવી છે. એમાં અભય ચૂડાસમા, સુભાષ ત્રિવેદી અને રાજકુમાર પાંડિયનને પણ આ જવાબદારીમાં સામેલ કરવામાં આવ્યા છે. રાજ્યના પોલીસવડા વિકાસ સહાય જણાવ્યું હતું કે આ એક પ્રક્રિયા છે, જેમાં એડિશનલ ડીજીપી કક્ષાના અધિકારીઓને રાખવામાં આવે છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ગુજરાતના મતદાન પહેલાં મહત્ત્વના કાર્યક્રમો અને સભા યોજાવાના છે, જેમાં સૌરાષ્ટ્ર, બનાસકાંઠા, સાબરકાંઠામાં રેલી અને જાહેરસભાનું આયોજન છે. આ સમગ્ર આયોજન દરમિયાન ગુજરાતમાં હાલ ક્ષત્રિય સમાજ દ્વારા ભાજપ સામે અને ખાસ કરીને પુરુષોત્તમ રૂપાલા સામે અલગ-અલગ જગ્યાએ વિરોધ થઈ રહ્યો છે. ત્યારે હવે નરેન્દ્ર મોદીની સભામાં સહેજ પણ કાંકરીચાળો કે ગફલત ન થાય એ માટે ખાસ વ્યવસ્થા ગોઠવવામાં આવી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, હાલ જૂનાગઢ, જામનગર અને સુરેન્દ્રનગરના નરેન્દ્ર મોદીના કાર્યક્રમ માટે એડિશનલ ડીજી અધિકારીઓને તમામ સુરક્ષાની જવાબદારી સોંપવામાં આવી છે, જેમાં જૂનાગઢમાં સુભાષ ત્રિવેદી, સુરેન્દ્રનગરમાં અભય ચૂડાસમા અને જામનગરમાં રાજકુમાર પાંડિયનને જવાબદારી સોંપવામાં આવી છે.



તંત્રી લેખ
–રાજેશ યુ. બગડાઈ

# મતદારોની સહાનુભૂતિ મેળવવા કેવા કેવા વેશ ભજવે છે નેતાઓ



૧૯૭૦ના દાયકામાં રજૂ થયેલી અને ક્લાસિક ગણાયેલી ગુલઝારની ફિલ્મ 'આંધી' તમે જોયેલી કે? આ ફિલ્મમાં એક દ્રશ્ય છે, જેમાં નાયિકા શેરીસભા સંબોધે છે ત્યારે એના જ પક્ષના એક કાર્યકર (અભિનેતા ઓમ પ્રકાશ) એના પર એક નાનકડો પથ્થર ફેંકે છે. નાયિકાના કપાળ પર ઈજા થાય છે. એને લોહી નીકળે છે. લોકોની સહાનુભૂતિથી એ ચૂંટણી જીતી જાય છે. આ ફિલ્મ ત્યારનાં વડાં પ્રધાન ઈંદિરા ગાંધીના જીવન પરથી બનેલી એવી વાતો વહેતી થયેલી. કટોકટી દરમિયાન ઈંદિરા સરકારે આ ફિલ્મ પર પ્રતિબંધ લાદ્યો હતો. જોકે એને કારણે વધુમાં વધુ લાભ આ ફિલ્મને થયો હતો. ટોચના એક હાસ્યલેખકે એવા મથાળા હેઠળ લેખ લખેલો- 'આંધીમાં જોયાં અમે ઈંદિરા ગાંધી...'

વાત મતદારોની સહાનુભૂતિ મેળવવાની હતી. કટોકટી પછી ચૂંટણી જાહેર થઇ. એનો પ્રચાર ચાલુ હતો એ દરમિયાન એક દિવસ ન્યૂઝ એજન્સીઓ - પીટીઆઇ, યુએનઆઇ વગેરેએ એવા સમાચાર વહેતા મૂકેલા કે ઉત્તરપ્રદેશના ફલાણા સ્થળે પ્રચાર સભા પૂરી કરીને મોડી સાંજે ઉતારા તરફ પાછાં ફરી રહેલા કોંગ્રેસના નેતા સંજય ગાંધીની જીપ પર કોઇએ ગોળીબાર કર્યા. સદભાગ્યે સંજય ગાંધી ઊગરી ગયા. જોકે થોડા કલાકોમાં પુરવાર થઇ ગયું કે આવી કોઇ ઘટના બની નહોતી. કટોકટીથી કંટાળેલા લોકો સમજી ગયેલા કે અમારી સહાનુભૂતિ મેળવવા આવા ખોટા સમાચાર વહેતા કરાયા હતા.

આ ઘટનાઓ યાદ આવી જવાનું કારણ પશ્ચિમ બંગાળનાં મુખ્ય પ્રધાન મમતા બેનરજી છે. મોટા ભાગના વિરોધ પક્ષોના મોવડીઓ વડા પ્રધાનપદ માટે પોતે જ લાયક છે એવું માને છે. પરિણામે શાસક પક્ષને હરાવે એવું સંગઠન એમની વચ્ચે સ્થપાઇ શકે એમ લાગતું નથી. બીજી બાજુ, તાજેતરમાં પશ્ચિમ બંગાળના સંદેશખલી વિસ્તારનો વિવાદ ખૂબ ગાજ્યો. મમતાના ચુસ્ત ટેકેદાર મનાતા ખૂંખાર ગુંડા શેખ શાહજહાંના મુદ્દે જે ખળભળાટ સર્જાયો તેથી પણ મમતા ડઘાઇ ગયેલાં છે. પોતે સ્થાનિક પ્રજાની નજરમાંથી ઊતરી ગયાં છે એ હકીકત મમતા બરાબર સમજી ગયાં છે. લોકોનો પ્રેમ ન સહી, સહાનુભૂતિ મેળવવા શું કરી શકાય? મત મેળવવા શું કરી શકાય? વાંચો આગળ. કદાચ જવાબ મળી જશે

કેવી રમૂજી વાત છે! પોતાના કાર્યકરોથી ઘેરાઇને ઊભેલાં મુખ્ય પ્રધાન મમતાને કોઇ એવો ધક્કો મારે છે કે એમને દરવાજાના હેન્ડલથી કે બીજી કોઇ રીતે જોસભેર માર વાગે! આટલા બધા કાર્યકરો વચ્ચેથી ધક્કો મારનાર પાછો નાસી જાય છે, બોલો! ખરી વાત એ છે કે હવે મમતા કોઇ પણ ભોગે સ્થાનિક મતદારોની સહાનુભૂતિ જીતવા રઘવાયાં થયાં છે. સીએએનો વિરોધ કર્યો. એનઆરસીનો પણ વિરોધ કરશે. પોતાનાથી થાય એટલાં ગતકડાં કરશે. એ પછી પણ સ્થાનિક પ્રજાનો પ્રેમ કે વિશ્વાસ પાછો પ્રાપ્ત કરી શકે છે કે કેમ એ આવનારો સમય કહેશે.

ચૂંટણી વ્યૂહના બેતાજ બાદશાહ ગણાતા પ્રશાંત કિશોરે આવો જ મત બિહારના નીતિશકુમાર માટે વ્યક્ત કર્યો છે. પ્રશાંતના કહેવા મુજબ નીતિશકુમાર હવે લોકો સમક્ષ ખુલ્લા પડી ગયા છે. એમનું રાજકીય ભાવિ ધૂંધળું છે. સત્તા માટે શેતાન સાથે સહશયન કરતાં પણ નીતિશકુમાર અચકાય એવા નથી. આ હકીકત લોકો સમજી ચૂક્યા છે. જોઇએ, શું થાય છે. આમ આદમી માટે નક્કર કશું કર્યું ન હોય એવા નેતાઓએ લોકોની સહાનુભૂતિ કે મત મેળવવા આવા વેશ ભજવવા પડે છે.

# સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં પોલંપોલ!

## ■ B.com. સેમ.૧ના વિદ્યાર્થીને ગેરહાજર બતાવી ૪ વિષયમાં નાપાસ કર્યો; ઇઈઅ સેમ.૪ના ૩ પેપર લીક થયાના ૧૧ દિવસે પણ કાર્યવાહી નહીં




રાજકોટ, તા. ૩૦: સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં પોલંપોલ ચાલતી હોય તેમ એક બાદ એક ગોટાળા સામે આવી રહ્યાં છે. જેમાં બી. કોમ. સેમેસ્ટર- ૧ના એક વિદ્યાર્થીએ પરીક્ષા આપી હોવા છતાં તેને ૪ પેપરમાં ગેરહાજર બતાવી નાપાસ કરવામાં આવ્યો છે. પરીણામ આવતા જ વિદ્યાર્થીએ પરીક્ષા નિયામકને રજૂઆત કરી છે. તો બીજી તરફ ૬ ખાનગી કોલેજનો ક્ક્ખનો ગત વર્ષનો કોર્સ હજૂ મંજૂર નથી થયો તે પહેલા નવા વર્ષનાં કોર્સમાં પ્રવેશ માટેની જાહેરાત કરી દેવામાં આવી છે, જેને લીધે આશ્ચર્ય જનમ્યું છે. આ ઉપરાંત સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના પૂર્વ કુલપતિએ આપેલી ખાનગી કોલેજોમાં ક્ક્ખના કોર્સની મંજૂરીને બોર્ડ ઓફ મેનેજમેન્ટ દ્વારા મંજૂરી ન આપતા મામલો ગુંચવાયો છે.

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં અગાઉ પેપર સેટિંગમાં ગોટાળા સામે આવ્યા બાદ હવે પરીક્ષામાં હાજર રહી પેપર આપતા વિદ્યાર્થીઓના પરિણામમાં ગેરહાજર બતાવી નાપાસ કરવામાં આવ્યાનું સામે આવ્યું છે. જેમાં બી. કોમ. સેમેસ્ટર- ૧ના ક્રાઈસ્ટ કોલેજના વિદ્યાર્થીએ જાન્યુઆરી ૨૦૨૪માં પરીક્ષા આપી હતી. તમામ પેપરમાં આ વિદ્યાર્થી હાજર રહ્યો હતો. જોકે, તાજેતરમાં જ્યારે પરિણામ જાહેર થયું, ત્યારે વિદ્યાર્થીની માર્કશીટમાં એવું બતાવવામાં આવ્યું કે આ વિદ્યાર્થી ૪ પેપરમાં ગેરહાજર હોવાથી નાપાસ કરવામાં આવે છે. જેમાં ગાંધીયન ઈકોનોમિક્સ એન્ડ રૂરલ ડેવલોપમેન્ટ, ફંકશનલ ગ્રામર એન્ડ કમ્પોઝિશન, પર્સનાલિટી ડેવલોપમેન્ટ એન્ડ લિડરશીપ સ્કીલ તથા ઈન્ડિયન નોલેજ સિસ્ટમ એમ ૪ પેપરમાં નાપાસ કરવામાં આવ્યો છે. જે બાબતે આ વિદ્યાર્થીએ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના પરીક્ષા નિયામક નિલેશ સોનીને રજૂઆત કરતા પરિણામમાં સુધારો કરી દેવાની બાંહેધરી આપી દેવામાં આવી હતી.

# રાજકોટ શહેરમાં ચિકનગુનિયા સહિતના રોગ ચોપડે કાબૂમાં આવી ગયા, કેસ બમણાં નોંધાયા

## ■ છેલ્લા ૩ વર્ષમાં ચિકનગુનિયાના કેસમાં વધારો થયો પણ મનપાને હજુ લાગે છે નિયંત્રણ

રાજકોટ, તા. ૩૦: રાજકોટ શહેરમાં મચ્છરજન્ય રોગના કેસ આવી રહ્યા છે અને હવે તો પાણીજન્ય રોગ પણ વધી રહ્યા છે. જોકે મનપાના ચોપડે આ બધો રોગચાળો કાબૂમાં છે.મનપાના જણાવ્યા અનુસાર રાજકોટ શહેરમાં છેલ્લા ૩ વર્ષના રોગચાળાના આંકડાઓ જોઈએ તો તેમાં ઘટાડો જોવા મળ્યો છે. ચિકનગુનિયાના કેસ વધ્યા છે તો તે અંગે જણાવ્યું હતું કે, છૂટાછવાયા કેસ આવી રહ્યા છે કોઈ જગ્યાએ ક્લસ્ટરિંગ નથી એટલે તે ચિંતા નથી. આંકડાઓ પર નજર કરીએ તો ડેન્ગ્યુના કેસ ૨૦૨૧ની સરખામણીએ અડધા થઈ ગયા છે જ્યારે તેનાથી ઊલટું ચિકનગુનિયા બમણા થયા છે. ટાઈફોઈડના કેસમાં નજીવો વધારો થયો છે અને વર્ષની શરૂઆતમાં જ ૮ કેસ થઈ ચૂક્યા છે તેથી હજુ આંક વધુ તેવું લાગી રહ્યું છે.

મહાનગરપાલિકા ડેન્ગ્યુ અને ચિકનગુનિયા જેવા કેસ નોંધવા માટે લેબ રિપોર્ટનો અને તે પણ એલાઈઝા જ માને છે. પાંચ વર્ષ પહેલાં રેપિડ કાર્ડ ટેસ્ટ પણ માન્ય ગણાતા હતા પણ તત્કાલીન આરોગ્ય કમિશનરે ચોપડે રોગચાળો ઘટાડવા માટે એલાઈઝા ટેસ્ટનો નિયમ લાવ્યા હતા. આ કારણે મોંઘા ટેસ્ટ કરાવવાને બદલે રેપિડ કાર્ડ ટેસ્ટ કરાવીને સારવાર અપાઈ છે અને તેથી નોંધ થતી નથી.

આ કારણે મનપાની રોગચાળા નોંધવાની આખી પદ્ધતિમાં જ અનેક વિસંગતતાઓ છે. આ કારણે લોકો સુધી સાચી માહિતી પહોંચતી જ નથી.

# કોવિશીલ્ડ વેકસીનથી હાર્ટએટેક અને બ્રેઈન સ્ટ્રોક આવી શકે

## વેકસીન બનાવનાર કંપનીએ કોર્ટમાં સાઈડ ઈફેકટનો સ્વીકાર કર્યો :મહામારીના ૪ વર્ષ બાદ એસ્ટ્રાઝેનેકાએ સ્વીકાર્યુ કે વેકસીન લેવાથી શરીરમાં લોહીના ગઠ્ઠા જામી જવા સહિતની આડઅસરો થઈ શકે છે

લંડન તા. ૩૦ : રસી બનાવતી કંપની એસ્ટ્રાઝેનેકાએ બ્રિટિશ કોર્ટમાં પ્રથમ વખત સ્વીકાર્યું છે કે તેની કોવિડ-૧૯ રસી ઝઝજ જેવી દુર્લભ આડઅસર પેદા કરી શકે છે. ઝઝજ એટલે કે થ્રોમ્બોસાયટોપેનિયા સિન્ડ્રોમ શરીરમાં લોહી ગંઠાઈ જવાનું કારણ બને છે. તેનાથી પીડિત વ્યક્તિને સ્ટ્રોક, હાર્ટ ફેલ્યોર વગેરે જેવી ગંભીર સમસ્યાઓ થઈ શકે છે.

કોરોના રોગચાળા દરમિયાન, લોકોને રોગથી બચાવવા માટે ઘક્ષ્રુજ્ઞમિ-અતર્ફિણયક્ષયભફ રસી આપવામાં આવી હતી. ભારતમાં, તેની રસી અદાર પૂનાવાલાની સીરમ સંસ્થા દ્વારા બનાવવામાં આવી હતી. જે બાદમાં ભારત સહિત વિશ્વભરના કરોડો લોકોને લાગુ કરવામાં આવી હતી. રોગચાળાના લગભગ ૪ વર્ષ પછી, એસ્ટ્રાઝેનેકાએ હવે સ્વીકાર્યું છે કે તેની કોવિડ રસી લોકોમાં દુર્લભ આડઅસરો પેદા કરી શકે છે. બ્રિટિશ હાઈકોર્ટમાં રજૂ કરાયેલા દસ્તાવેજોમાં એસ્ટ્રાઝેનેકાએ આડ અસરોનો સ્વીકાર કર્યો છે. જો કે, રસીના કારણે થતી આડઅસર સ્વીકાર્યા પછી પણ, કંપની તેના કારણે થતા રોગો અથવા ખરાબ અસરોના દાવાનો વિરોધ કરી રહી છે. આ સમાચાર ભારત માટે પણ ખૂબ જ મહત્વપૂર્ણ છે, કારણ કે કોવિડ -૧૯ ના ફેલાવા દરમિયાન, તે જ ઓક્સફોર્ડ-એસ્ટ્રોઝેનેકા રસીનો અહીં કોવિશિલ્ડના નામથી મોટા પાયે ઉપયોગ કરવામાં આવ્યો હતો.

ભારતીય કંપની સીરમ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયાએ એસ્ટ્રાઝેનેકા પાસેથી મેળવેલા લાયસન્સ હેઠળ દેશમાં આ રસીનું ઉત્પાદન કર્યું હતું અને તેનો ઉપયોગ માત્ર ભારતના કોવિડ રસીકરણ અભિયાનમાં જ થયો ન હતો, પરંતુ વિશ્વના ઘણા દેશોમાં તેની નિકાસ પણ કરવામાં આવી હતી. કોવિશિલ્ડ ઉપરાંત, આ રસી ઘણા દેશોમાં વેક્સજાવેરિયા બ્રાન્ડ નામથી પણ વેચવામાં આવી હતી. કોર્ટમાં પહોંચેલા ફરિયાદીઓએ કંપની પાસેથી શરીરને થયેલા નુકસાન માટે વળતરની માંગ કરી છે. ખાસ વાત એ છે કે બ્રિટને હવે સુરક્ષાના કારણોસર આ વેક્સિન પર પ્રતિબંધ લગાવી દીધો છે. કંપનીની આ સ્વીકૃતિ બાદ વળતરની માંગણી કરનારા લોકોની સંખ્યા પણ વધી શકે છે.

ભારતમાં કોવિડ પછી, આવા મૃત્યુની સંખ્યામાં નોંધપાત્ર વધારો થયો હતો, જેનું કારણ સ્પષ્ટ રીતે જાણી શકાયું નથી. આમાંના મોટા ભાગના કોઈને કોઈ શારીરિક સમસ્યા અથવા અન્ય સાથે જોડાયેલા હતા અને સરકાર અને આરોગ્ય જગત ક્યારેય માનતા ન હતા કે કોવિડ રસીની આડ અસરોને કારણે આવું થઈ શકે છે. હવે કંપનીની આ સ્વીકૃતિ બાદ ભારતમાં પણ મુકદ્દમોનો રાઉન્ડ શરૂ થવાની શક્યતા છે.

તબીબી નિષ્ણાત ડો. રાજીવ જયદેવને કહ્યું છે કે દુર્લભ કિસ્સાઓમાં, કેટલીક રસીઓના ઉપયોગ પછી થ્રોમ્બોસિસ થ્રોમ્બોસાયટોપેનિયા સિન્ડ્રોમ (ઝઝજ) થઈ શકે છે. તેમનું નિવેદન ફાર્માસ્યુટિકલ કંપની એસ્ટ્રાઝેનેકાએ કોર્ટ સમક્ષ સ્વીકાર્યું કે તેના દ્વારા વિકસિત કોવિડ રસીઓ, કોવિશિલ્ડ અને વેક્સવેરિયા, કેટલાક કિસ્સાઓમાં TTS નું કારણ બની શકે છે તે પછી આવે છે.

ઝઝજ મગજ અથવા અન્ય આંતરિક અવયવોની રક્ત વાહિનીઓમાં ગંઠાવાનું નિર્માણ અને પ્લેટલેટની ઓછી સંખ્યા સાથે સંબંધિત છે. એસ્ટ્રાઝેનેકાએ ઓક્સફર્ડ યુનિવર્સિટી સાથે મળીને કોવિડ વિરોધી રસી વિકસાવી છે. ઘણા બ્રિટિશ મીડિયા અહેવાલોમાં, કંપનીની રસી પર ગંભીર રોગો અને મૃત્યુ થવાનો આરોપ મૂકવામાં આવ્યો છે. આ પ્રકારના અહેવાલો ઘણા પ્રતિષ્ઠિત સામયિકોમાં પ્રકાશિત થયા છે. કેરળમાં નેશનલ ઈન્ડિયન મેડિકલ એસોસિએશન (આઈએમએ) કોવિડ ટાસ્ક ફોર્સના સહ-અધ્યક્ષ જયદેવને જણાવ્યું હતું કે કોવિડ રસીઓએ ઘણા મૃત્યુને રોકવામાં મદદ કરી હોવા છતાં, આડઅસરોને નકારી શકાય નહીં. એજન્સી જો કે, ડબ્લ્યુએચઓએ એડેનોવાયરસ વેક્ટર રસીઓ વિશે કહ્યું છે કે આવી પરિસ્થિતિઓ ભાગ્યે જ વિકસિત થાય છે. સીરમ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયાએ કોવિશિલ્ડ નામની એન્ટિ-કોવિડ-૧૯ રસીનું ઉત્પાદન કર્યું, પરંતુ એમઆરએનએ પ્લેટફોર્મનો ઉપયોગ કર્યો ન હતો.

### બ્રિટનમાં એસ્ટ્રાઝેનેકા વેક્સિનનો ઉપયોગ કરવામાં આવતો નથી

ખાસ વાત એ છે કે બ્રિટનમાં હવે આ વેક્સિનનો ઉપયોગ કરવામાં આવી રહ્યો નથી. ટેલિગ્રાફના અહેવાલ મુજબ, વૈજ્ઞાનિકોને આ વેક્સિનનું જોખમ બજારમાં લોન્ચ થયાના થોડા મહિના પછી જ સમજાઈ ગયું હતું. આ પછી, એવું સૂચન કરવામાં આવ્યું હતું કે ૪૦ વર્ષથી ઓછી ઉંમરના લોકોને પણ વેક્સિનનો બીજો ડોઝ આપવો જોઈએ. આ એટલા માટે છે કારણ કે એસ્ટ્રાઝેનેકા વેક્સિનથી થનારું નુકસાન કોરોનાના જોખમ કરતાં વધુ હતું.

મેડિસિન હેલ્થકેર પ્રોડક્ટ્સ રેગ્યુલેટરી અનુસાર, બ્રિટનમાં એવા ૮૧ કેસ છે જેમાં એવી શંકા છે કે વેક્સિનના કારણે લોહીના ગંઠાવાને કારણે લોકોના મોત થયા છે. MHRA અનુસાર, આડઅસરોનો ભોગ બનેલા દર પાંચમાંથી એક વ્યક્તિનું મૃત્યુ થયું છે.




### એસ્ટ્રાઝેનેકાએ રસીની આડ અસરો અંગે કોર્ટમાં શું કહ્યું ?

૧) એસ્ટ્રાઝેનેકાએ કોર્ટમાં દાખલ કરેલા કાનૂની દસ્તાવેજમાં કહ્યું છે કે ઓક્સફર્ડ યુનિવર્સિટીના સહયોગથી વિકસિત કોરોના રસીની આડઅસર થઈ શકે છે. આ આડઅસરો થ્રોમ્બોસાયટોપેનિયા સિન્ડ્રોમ જેવી હોઈ શકે છે. પરંતુ આ ખૂબ જ દુર્લભ છે.

૨) એસ્ટ્રાઝેનેકાએ કોર્ટને કહ્યું કે, પરંતુ એ જાણવું પણ જરૂરી છે કે કોરોનાની રસી ન મળવાના કિસ્સામાં પણ થ્રોમ્બોસાયટોપેનિયા સિન્ડ્રોમ થઈ શકે છે. આવી સ્થિતિમાં, એવું કહેવું યોગ્ય નથી કે રસી લીધા પછી લોકો આ સિન્ડ્રોમ સાથે સંઘર્ષ કરી રહ્યા છે.

3) કંપનીનું કહેવું છે કે ઘણા સ્વતંત્ર અભ્યાસમાં આ રસી કોરોના સામે લડવામાં ઘણી અસરકારક સાબિત થઈ છે. આવી સ્થિતિમાં, કોઈપણ નિષ્કર્ષ પર પહોંચતા પહેલા આ અભ્યાસોને જોવું મહત્વપૂર્ણ છે.

૪) કંપની માને છે કે રસીની આડઅસર અત્યંત દુર્લભ છે. કંપનીએ કહ્યું કે દર્દીની સુરક્ષા અમારી સર્વોચ્ચ પ્રાથમિકતા છે. અમારી દવાઓ યોગ્ય ધોરણોને પૂર્ણ કરે છે અને અમે રસી સહિત તમામ દવાઓનો સુરક્ષિત ઉપયોગ સુનિશ્ચિત કર્યો છે.

૫) કંપનીએ કોર્ટ સમક્ષ કહ્યું કે AstraZeneca-Oxford રસીના ક્લિનિકલ ટ્રાયલ અને વિશ્વભરમાં તેની સ્વીકૃતિ દર્શાવે છે કે મોટા પાયે રસીકરણ કાર્યક્રમને ફાયદો થયો છે, જે રસીની સંભવિત આડઅસરોનું જોખમ ઘટાડે છે.

૬) કંપનીનું કહેવું છે કે કોવિડ-૧૯ રોગચાળા દરમિયાન વેક્સીનની મદદથી વિશ્વભરમાં ૬૦ લાખ લોકોના જીવ બચાવ્યા છે.

૭) એસ્ટ્રાઝેનેકા કહે છે કે તેઓ રસી લીધા પછી વિવિધ પ્રકારની સમસ્યાઓનો દાવો કરતા લોકોની સ્થિતિ વિશે ચિંતિત છે. પરંતુ અમે હજુ પણ અમારા દાવા પર અડગ રહીએ છીએ કે તેની આડઅસર અત્યંત દુર્લભ કિસ્સાઓમાં જ થઈ શકે છે.

# ક્ષત્રિય મહિલા અગ્રણીનું વડાપ્રધાન મોદીને સમર્થનઃ હિન્દુત્વ ભુલાવું ન જોઈએ

## રાહુલ ગાંધી–ઉમેશ મકવાણા મુદ્દે ક્ષત્રિય સમાજ કેમ ચૂપ? સંકલન સમિતિ સામે આંગળી ચિંધતા પદ્મીનીબા વાળા

- **સ્વાભિમાનની લડાઇ જેવું કાંઇ રહ્યું નથીઃ સંકલન સમિતિના ચાર-પાંચ લોકો સમાજને ગુમરાહ કરી રહ્યાનો આરોપઃ સમાજની આબરૂ ખરડાશે તો ચાર-પાંચ નેતાઓને બંગડી પહેરાવવાનો હુંકાર**



રાજકોટ, તા.૩૦ઃ ભાજપના ઉમેદવાર પરસોતમ રૂપાલા સામે ક્ષત્રિય સમાજના આંદોલન વચ્ચે મહિલા અગ્રણી પદ્મીનીબા વાળાએ સમાજ સામે જ આંગળી ચીંધી છે અને રાહુલ ગાંધી તથા 'આપ'ના ઉમેદવાર ઉમેશ મકવાણાના વિધાનો મામલે સમાજના મૌન વિશે સવાલો ઉઠાવ્યા છે. ઉપરાંત વડાપ્રધાન નરેન્દ્ર મોદીને સમર્થન જાહેર કરીને તેમના હિન્દુત્વ ઉપરાંત આરોગ્યલક્ષી પગલાઓની પ્રશંસા કરી છે.

પરસોતમ રૂપાલાના વિવાદાસ્પદ વિધાનો સામે ક્ષત્રિય સમાજનું આંદોલન વધુને વધુ ઉગ્ર બની રહ્યું છે.

તેવા સમયે તાજેતરમાં કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી તથા આપના ઉમેદવાર ઉમેશ મકવાણાએ પણ રાજા-મહારાજા વિશે કરેલા વિધાનોના વિવાદ સર્જાયા હતા. ક્ષત્રિય મહિલા અગ્રણી પદ્મીનીબા વાળાએ આજે સમાજની સંકલન સમિતિ સામે સવાલો ઉઠાવતા જણાવ્યું હતું કે રૂપાલા સામે આંદોલન કરતી સમિતિ રાહુલ તથા ઉમેશ મકવાણા સામે કેમ ચુપ છે?

તેમણે ચોખવટ કરી કે રૂપાલા સામેનો સ્વાભિમાન આંદોલન ચાલુ છે અને ભલે ચાલુ રહ્યું પરંતુ રાહુલ અને ઉમેશ મકવાણા પાસે પણ માફી મંગાવવી જોઈએ. સમાજે કોઇ એક નહીં પરંતુ વિવાદાસ્પદ વિવાદો કરતાં તમામનો વિરોધ કરવો જોઈએ.

ક્ષત્રિય સમાજની સંકલન સમિતિના ચાર-પાંચ લોકો રાજકીય હાથા બની ગયા છે અને રાજકીય રોટલા શેકવા લાગ્યા હોવાનો આરોપ લગાવીને તેમણે કહ્યું કે માત્ર રૂપાલા સામે આંદોલન કરીને સંકલન સમિતિ સમાજને ગુમરાહ કરી રહી છે. હવે સ્વાભિમાનની લડાઇ જેવું કાંઇ રહ્યું નથી માત્ર સમાજના ૨૦ ટકા લોકો જ વિરુધ્ધમાં છે બાકીના ૮૦ ટકા લોકો દુર થઇ ગયા છે. કોંગ્રેસને ફેવર થવા લાગી છે કોંગ્રેસને મત આપવાથી ક્ષત્રિય સમાજને કોઇ ફાયદો થવાનો નથી એક વસ્તુ નક્કી છે કે ચૂંટણીમાં કોંગ્રેસ જીતશે કે ભાજપ જીતશે પરંતુ ક્ષત્રિય સમાજની સ્વાભિમાન લડાઈની જીત થવાની નથી. તેમણે એવો હુકાર કર્યો હતો કે ક્ષત્રિય સમાજની આબરૂનું ધોવાણ થશે તો પોતે ચુપ નહીં બેસે અને આ સ્થિતિ સર્જનારા અને સંકલન સમિતિના નામે એક હથ્થુ નિર્ણયો લેતા ચાર-પાંચ લોકોને બંગડી પહેરાવશે.પદ્મીનીબા વાળાએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીની તરફેણ કરી હતી અને તેમ કહ્યું કે વડાપ્રધાને હિન્દુત્વના કામ કર્યા છે તે ભુલાવવા ન જોઈએ. આયુષ્યમાન કાર્ડ જેવા પગલાઓ પણ વડાપ્રધાનની જ બહેન છે.

# માનેલી બહેનના ઘરે આવેલાં ખેડાના ઈમ્તિયાઝે રાજકોટના કારખાનેદારની પત્નીને અશ્લીલ મેસેજ કર્યા

**છ માસ પહેલાં મોબાઈલ નંબર મેળવી મેસેજમાં સબંધ રાખવાં દબાણ કરતોઃ ૪ મોબાઈલ નંબર બ્લોક કર્યા બાદ પણ મેસેજ ચાલું રાખ્યાંઃ અંતે વિકૃત શખ્સના ત્રાસથી કંટાળી ફરીયાદ નોંધાવતા ગાંધીગ્રામ પોલીસે આરોપીની ધરપકડ કરી કાયદાનું ભાન કરાવ્યું**

રાજકોટ. તા.૩૦ઃ રાજકોટમાં ૧૫૦ ફૂટ રીંગરોડ પર રહેતાં કારખાનેદારની પત્નીને પડોશમાં માનેલી બહેનના ઘરે રોકાવવા આવેલ ખેડાના વિકૃત માનસિકતા ધરાવતાં શખ્સે ફોનમાં અશ્લીલ મેસેજ કરી બીભત્સ માંગણી કરી હતી. જે બાદ તેના ચાર મોબાઈલ નંબર બ્લોક કર્યા છતાં પણ આરોપીએ વિકૃતતા ન છોડી મેસેજ અવિરત રાખતાં ગાંધીગ્રામ પોલીસ મથકમાં ફરીયાદ નોંધાતા આરોપીની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

બનાવ અંગે શહેરના ૧૫૦ ફૂટ રીંગરોડ પર આવેલ એક વિસ્તારમાં રહેતી પરિણીતાએ નોંધાવેલ ફરીયાદમાં આરોપી તરીકે ઈમ્તિયાઝહુસેન બિસમીલા (રહે. જૂનો સંચો વિસ્તાર, પંચાયતની બાજુમાં અલીણા, ખેડા) નું નામ આપતાં ગાંધીગ્રામ પોલીસે આઈપીસી કલમ ૩૫૪ (ડી) હેઠળ ગુનો નોંધી આરોપીની ધરપકડ કરી હતી. વધુમાં ફરિયાદીએ જણાવ્યું હતું કે, તેણીના પતિ કારખાનેદાર છે.

તેઓના પડોશમાં રહેતી એક મહિલાએ તેના માનેલા ભાઈ આરોપીને છ માસ પહેલાં પોતાના ઘરે બોલાવ્યો હતો અને ત્યારથી તે તેમની સાથે જ રહેતો હતો. આરોપીએ તેની માનીતી બહેનના મોબાઈલમાંથી ફરિયાદીના મોબાઈલ નંબર મેળવી તેમાં મેસેજ કરતો હતો. બાદમાં તેણીએ આરોપીને મેસેજ કરવાની ના પાડવા છતાં તે અશ્લીલ મેસેજ મોકલતો હતો. જેથી તેણીએ તેનો મોબાઈલ નંબર બ્લોક કરી નાંખ્યો હતો. તો, આરોપીએ બીજા નંબરમાંથી મેસેજ કરવાનું શરૂ કરતા તે નંબર પણ બ્લોક કરતાં અન્ય નંબરમાંથી મેસેજ કરતો હતો.

આરોપીના કુલ ચાર મોબાઈલ નંબર બ્લોક કરવાં છતાં આરોપીએ અન્ય મોબાઈલ નંબરમાંથી મેસેજ કરતો હતો. જેથી કંટાળેલા ફરિયાદીએ તેના પતિને વાત કરી અંતે ફરીયાદ નોંધાવી હતી. બનાવ અંગેની ફરીયાદ પરથી ગાંધીગ્રામ પોલીસે ગુનો નોંધી વિકૃત ઈમ્તિયાઝ બિસમીલાની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

# મવડી વિસ્તારમાં ગેરકાયદે બાંધકામમાં કોના ચાર હાથ




## જોખમી ૪૦-૪૫ વર્ષ જુના બાંધકામમાં વૃક્ષની આડમાં ગેરકાયદે બાંધકામ ખડકી દેવાયું
## રાજકોટ નગરપાલિકામાં ૩ ઓનલાઈન તેમજ ૧ લેખિત અરજી હોવા છતાં તંત્ર નિંદ્રામાં

(સામના મિરર, સંવાદદાતા)

રાજકોટ, તા. ૧ઃ શહેરના હાર્દ સમા માવડી વિસ્તાર જેમાં બાંધકામના નીતિ નિયમનું સરે આમ ઉલ્લંઘન કરી અગાસી પર બાંધકામ ચોંટાડી દીધું છે. શહેરના ટાઉન પ્લાનિંગ શાખાના અધિકારીઓને શું આ મંજૂરી વગર નું બાંધકામ ધ્યાનમાં નહી આવતું હોય? કે પછી કોઈ અખબારી અહેવાલ અથવા કરિયાદ આવે ત્યારે નામ માત્રની નોટિસ આપવાની ઔપચારિકતા પૂરી કરી પોતાની જવાબદારી માંથી હાથ ઊંચા કરી છટકવા માગતા હશે? રાજકોટમાં ઠેર ઠેર ગેરકાયદેસર અને જોખમી બાંધકામ રાતોરાત ખડકાઈ ગયા હોય ત્યારે વધુ એક જોખમી બાંધકામ મવડી વિસ્તારના શિવમ ટેલર્સ, ઉદયનગર ૨, શેરી નં ૩ કોર્નર મવડી મેઈન રોડ, વિશ્વેશ્વર શાકમાર્કેટની સામે સહયોગ હોસ્પિટલ ની બાજુમાં ૪૦-૪૫ વર્ષ જૂની પ્રોપર્ટીમાં અગાસીના ભાગમાં ગેરકાયદેસર બાંધકામ થતું હોય ત્યારે એક જાગૃત નાગરિક દ્વારા વારંવાર નગરપાલિકાને અરજી કરવા છતાં બાંધકામ બંધ થતું ન હોવાથી અરજદારે ટીપી શાખાનાટાઉન પ્લાનિંગ અધિકારી સાગઠીયાસાહેબ ને પણ વ્હોટ્સઅપ દ્વારા જાણ કરી હોવા છતાં બાંધકામ બંધ થતું નથી જે સ્પષ્ટ પણે ક્યાંક સેટિંગ બેસ્યાનો અંગુલી નિર્દેશ કરે છે વિગતવાર જતા કરીયાદીના જણાવ્યા મુજબ મોટો વહીવટ થયો હોવાથી તેની અરજી વાંઝણી કરી દેવાઈ કોઈ કડક પગલાં લેવાઈ રહ્યા નથી.




# રાજુલામાં ભાજપ દ્વારા લોકસભા ચૂંટણી અન્વયે વિવિધ વિસ્તારોમાં મનોરંજન માટે મેજીક શો યોજાયો

રાજકોટ, તા. ૩૦ઃ લોકસભા ચૂંટણીને અનુલક્ષીને ભાજપ પરીવાર દ્વારા વિવિધ શહેરોમાં લોકસભાના ઉમેદવારનો વધુમા વધુ પ્રચાર થઈ શકે તે માટે મેજીક શો નું આયોજન કરવામા આવેલ છે. ત્યારે આજે રાજુલા શહેરમાં પણ જાદુઈ મેંજીક શો મનોરંજન માટે આયોજન કરાયું હતું. જેમા રાજુલા શહેરના ભગત પાન નજીક, મીરાનગર, હવેલી ચોક, મનમંદિર સોસાયટી, ધાખડાનગર સહિત વિવિધ વિસ્તારોમાં અમરેલી લોકસભાના ભાજપના ઉમેદવાર ભરતભાઈ સુતરીયાના પ્રચાર માટે મેંજીક શો યોજાયો હતો. અને




વિવિધ કલાઓ રજૂ કરી લોકો જોવા માટે ઉમટી પડયા. તેમજ નાના બાળકો જાદુઈ કલાઓ જોઈને ખુશ ખુશાલ થયાં હતાં. અને ૭ મે ના રોજ ભાજપના નિશાન પર મત આપી ભરતભાઈને વિજય બનાવા લોકોને અપીલ કરાઈ હતી. આ તકે રાજેન્દ્રભાઈ ધાખડા, જયરાજભાઈ ધાખડા, જયદીપભાઈ કોટિલા, હરેશભાઈ સોંડાગર, મહેશભાઈ ટાંક, મહેશભાઈ વરૂ, ભાવેશભાઈ ગુજરીયા, ચિંતનભાઈ જોષી, રાજેશભાઈ જાંખરા, આશીફભાઈ મુની સહિત ભાજપના કાર્યકર્તાઓ હાજર રહ્યાં હતાં.



# આજે અટલ સરોવરમાં ફાઉન્ટેન, તળાવ અને નયનરમ્ય ગાર્ડન અને ન્યુ રેસકોર્સ ખુલ્લું મુકાશે

રાજકોટ, તા. ૩૦: રંગીલા રાજકોટીન્યસોને આવતીકાલે ગુજરાત સ્થાપના દિવસના રોજ વધુ એક ફરવાના સ્થળની ભેટ મળનાર છે. જેમાં રાજકોટ મહાનગરપાલિકા દ્વારા નિર્મિત નવા રેસકોર્સ અને અટલ સરોવરને લોકો માટે ખુલ્લું મુકવામાં



આવનાર છે. સ્માર્ટ સિટી ખાતે ૧૩૬ કરોડનાં ખર્ચે બનેલા અટલ સરોવરમાં હાલ બોટિંગ તેમજ રાઈડ બંધ રહેશે. તેમજ ફૂડકોર્ટ ટૂંક સમયમાં કાર્યરત કરવામાં આવશે. અટલ સરોવર અને ન્યુ રેસકોર્સનો આ નજારો માણવા મોટા વ્યક્તિની પ્રવેશ ફી ૨૫ અને બાળકોની ૧૦ ફી લેવામાં આવશે.

**અટલ સરોવરમાં શું શું જોવા મળશે**

અગાઉ તા. ૭ માર્ચના રોજ એટલે કે લોકસભા ચૂંટણી આચારસંહિતા પૂર્વે મુખ્યમંત્રીનાં હસ્તે અટલ સરોવરનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. જોકે અમુક કામગીરીઓ બાકી હોવાથી લોકો માટે આવતીકાલ તા.૧ મેથી ખુલ્લુ મુકવામાં આવનાર છે. જોકે બોટિંગ માટેની ગાઈડલાઈન હજુ આવી નથી. તેમજ વિવિધ રાઈડ્સની કામગીરીઓ પણ ચાલુ છે. જ્યારે સૌથી મુખ્ય આકર્ષણ એવી ટોય ટ્રેન પણ હજુ શરૂ થઈ શકશે નહીં. મનપા દ્વારા ફૂડકોર્ટ માટે દુકાનો બનાવી લેવામાં આવી છે. જેની હરાજીની પ્રક્રિયા ટૂંક સમયમાં કરવામાં આવનાર હોય ફૂડકોર્ટ પણ આ પછી જ શરૂ થશે. હાલ ફાઉન્ટેન અને તળાવ તેમજ નયનરમ્ય ગાર્ડન અટલ સરોવરમાં જોવા મળશે.

**અટલ સરોવરનું નિર્માણ ૧૩૬ કરોડના ખર્ચે થયું**

કાલાવડ અને જામનગર રોડ વચ્ચે નવા રિંગરોડ પર મહાનગરપાલિકા દ્વારા સરકારની સહાયથી 'અટલ સરોવર' નામના જોવા, જાણવા અને માણવા લાયક સ્થળનો ઉમેરો થઈ રહ્યો છે. વર્ષ ૨૦૧૯થી અટલ સરોવરનું કામ ચાલી રહ્યું છે. વિશાળ અટલ સરોવર ઉપરાંત વિવિધ રાઈડસ, નયનરમ્ય બગીચા, આંતરિક પાકા રસ્તા, વોકિંગ ટ્રેક, સાયકલ ટ્રેક, ફૂડ કોર્ટ, ગ્રામીણ કુટિર વગેરે આકર્ષણો અહીં જોવા મળશે. મોટાભાગનું કામ પૂર્ણતાના આરે છે. સ્માર્ટ સિટી એટલે કે રૈયા ટી.પી. સ્કીમ નં. ૩૨માં મનપા દ્વારા બેનમૂન અટલ સરોવરનું નિર્માણ ૧૩૬ કરોડના ખર્ચે થયું હતું. અટલ સરોવરનું કુલ ક્ષેત્રફળ ૨,૯૩,૪૫૭ ચો.મી. છે. જેમાં વોટર બોડીનો કુલ વિસ્તાર ૯૨,૮૩૭ ચો.મી. છે. આશરે ૧૩૬ કરોડના ખર્ચે ડેવલોપ કરવામાં આવી રહ્યુ છે અને એજન્સી દ્વારા ૧૫ વર્ષ સુધી અટલ સરોવરની નિભાવ મરામતની જવાબદારી રહેશે.

**લોકોને મુલાકાત કરવા અપીલ**

સ્ટેન્ડિંગ ચેરમેન જયમીન ઠાકરનાં જણાવ્યા અનુસાર, આવતીકાલે ગુજરાત સ્થાપના દિવસ છે. જે નિમિતે રાજકોટવાસીઓને મનપા તંત્ર દ્વારા હરવાફરવા માટેના એક નવા સ્થળની ભેટ આપવામાં આવનાર છે. જેમાં અટલ સરોવર અને ન્યુ રેસકોર્સ કે જેનું તાજેતરમાં જ રાજ્યના મુખ્યમંત્રીની વર્ચ્યુઅલ ઉપસ્થિતિમાં લોકાર્પણ કરવામાં આવ્યું હતું. તે ન્યુ રેસકોર્સ અને અટલ સરોવર કાલથી લોકો માટે ખુલ્લું મુકવામાં આવશે. અન્ય શહેરોની માફક રાજકોટનાં અટલ સરોવરમાં ફરવાનો પણ નોમીનલ ચાર્જ રાખવામાં આવ્યો છે. ત્યારે વધુમાં વધુ લોકો રાજકોટનાં આ નવા નજરાણા એવા અટલ સરોવર અને સ્માર્ટ સિટીની મુલાકાત લે તેવી અપીલ પણ તેમણે કરી છે. ઉલેખનીય છે કે, ભારત સરકારની સ્માર્ટ સિટી યોજના અંતર્ગત ૧૦૦ શહેરો પૈકી રાજકોટ શહેરને સ્માર્ટ સિટી તરીકે વિકસિત કરવાનું નક્કી થયું હતું. જે અંતર્ગત મહાનગરપાલિકાએ સ્માર્ટ સિટી ડેવલપમેન્ટ લિમિટેડ કંપનીની સ્થાપના કરી ન્યૂ રેસકોર્સ અને અટલ સરોવરનું નિર્માણ કર્યું છે. હાલમાં સરોવરની મુખ્ય માળખાકીય સુવિધાઓનું કામ લગભગ થઇ ગયું છે. હવે બાકીની એમ્યુઝમેન્ટ પાર્ક વગેરે સુવિધાનું કામ જ બાકી છે. જે પૂર્ણ કરવાનાં તંત્ર પ્રયાસો કરી રહ્યું છે અને આગામી બે મહિનામાં અટલ સરોવર લોકો માટે સંપૂર્ણપણે ખુલ્લુ મુકવામાં આવે તેવી શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે.

**કોંગ્રેસે કરી આચારસંહિતા ભંગની ફરિયાદ**

રાજકોટ મનપા દ્વારા આવતીકાલથી અટલ સરોવરને ખુલ્લું મુકવાની જાહેરાત કરવામાં આવી હતી. અને આ અંગે તમામ મીડિયાને સાંજે ૬:૧૫ કલાકે મેસેજ-ઈમેલ દ્વારા જાણ કરવામાં આવી



હતી. જેને લઈને કોંગ્રેસમાં ભારે નારાજગી જોવા મળી રહી છે. તેમજ આવું કરીને મનપા તંત્ર દ્વારા શાસક પક્ષ ભાજપનો પ્રચાર પ્રસાર થાય તેવી પ્રવૃત્તિ કરીને આચારસંહિતાનો ખુલેઆમ ભંગ કરાયો હોવાની રજુઆત જિલ્લા કલેક્ટર તેમજ જિલ્લા ચૂંટણી અધિકારીને કરવામાં આવી છે.

# આજે વડાપ્રધાન નરેન્દ્ર મોદી ગુજરાતમાંઃ સૌરાષ્ટ્રમાં ત્રણ જંગી જાહેર સભા ગજવશે

રાજકોટ, તા. ૩૦ઃ રાજયની લોકસભાની ૨૬ અને વિધાનસભાની પાંચ બેઠકોની તા.૭ મેના આયોજીત કરાયેલ પેટા ચૂંટણીના આડે હવે માત્ર ગણતરીના દિવસો જ બાકી રહ્યા છે. ત્યારે આ ચૂંટણીમાં હવે મોદી ઈફેકટ સર્જવા માટે તૈયારીઓને આખરી ઓપ અપાઇ ચૂકયો છે. વડાપ્રધાન મોદી આવતીકાલથી ગુજરાતમાં ચૂંટણી પ્રચારની કમાન સંભાળનાર છે. તેઓ સૌરાષ્ટ્ર-ગુજરાતમાં છ જનસભાથી લોકસભાની સૌરાષ્ટ્ર ઉતર અને મધ્ય ગુજરાતની ૧૫ બેઠકોને આવરી લેશે.



જેમાં આજે તા.૧ બુધવારના ડિસા અને હિંમતનગરમાં વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીની જનસભા આયોજીત કરવામાં આવી છે જે બાદ તા. ૨ને ગુરૂવારના તેઓ સવારના આણંદ ત્યારબાદ વઢવાણ, જુનાગઢ અને જામનગરમાં વિરાટ જનસભાને સંબોધીત કરનાર છે.

અહીં એ ઉલ્લેખનીય છે કે, રાજકોટ લોકસભા બેઠકના ભાજપના ઉમેદવાર પરસોતમ રૂપાલા સામે ક્ષત્રિય સમાજના વિરોધના પગલે વિવાદના મંડાણ થયા છે ત્યારે સૌરાષ્ટ્રમાં વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીની જનસભા માટે સુરક્ષાની જવાબદારી રાજયના ત્રણ ટોચના આઇપીએસ અધિકારીઓને સોંપવામાં આવી છે જેમાં રાજકુમાર પાંડિયનને જામનગર, સુભાષ ત્રિવેદીને જુનાગઢ તેમજ અભયસિંહ ચુડાસમાને સુરેન્દ્રનગર ખાતે યોજાનાર વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીની જાહેર સભાની જવાબદારી સોંપવામાં આવી છે. વડાપ્રધાનની આ જાહેર સભા પૂર્વે રાજયના ગૃહમંત્રી હર્ષ સંઘવી દ્વારા પણ જુનાગઢ, જામનગર, સુરેન્દ્રનગરની મુલાકાત લેવામાં આવી હતી.

**જુનાગઢઃ** આગામી તા. ૨ મેના જુનાગઢ ખાતે દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદી કૃષિ યુનિવર્સિટીના મેદાનમાં જાહેર સભાને સંબોધન કરશે. આગામી ૭મેના લોકસભા અને માણાવદર વિધાનસભાની પેટા ચૂંટણી માટે મતદાન થનાર છે. હાલ ચૂંટણી પ્રચાર અંતિમ તબકકામાં છે.

તમામ રાજકીય પક્ષો સહિતના મત માટે દોડધામ કરી રહ્યા છે. કાલે ગુરૂવારના બપોરેના ૩ કલાકે વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદી જુનાગઢ કૃષિ યુનિવર્સિટીના મેદાનમાં જુનાગઢ, પોરબંદર, અમરેલી બેઠકના ઉમેદવારો માટે ચૂંટણી પ્રચાર કરશે. સભા માટે ૬૦ હજાર જેટલા લોકોનો ટાર્ગેટ છે.

બે દિવસ બાકી હોય ત્યારે ગઇકાલથી પોલીસનો બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે. આસપાસના મકાનો બિલ્ડીંગોમાં પણ બંદોબસ્ત રહેશે. વડાપ્રધાનની ગુરૂવારની સભા કૃષિ યુનિવર્સિટીના ગ્રાઉન્ડમાં યોજાશે. તેની વ્યવસ્થામાં સુરક્ષા માટે એસપીજી, કેન્દ્રીય એજન્સીના અધિકારીઓ જુનાગઢ આવી રહ્યા છે. હેલીકોપ્ટરના મોટા ફેરા બે દિવસથી શરૂ થઇ ચુકયા છે. સભા સ્થળ છાવણીમાં ફેરવાઇ ચુકયું છે.

**સુરેન્દ્રનગરઃ** સુરેન્દ્રનગર લોકસભાની બેઠક માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદી પ્રચાર માટે સુરેન્દ્રનગરમાં સભા ગજવશે. આગામી તા.૨ મેએ મોદી સુરેન્દ્રનગર આવવાના હોવાની ભાજપ આગેવાનોએ જાહેરાત કરી દીધી છે. ત્યારે આગામી તારીખ ૨ ૫ ના રોજ નરેન્દ્રભાઈ મોદી સુરેન્દ્રનગર શહેરમાં ત્રિમંદિર સામે આવેલ વિશાળ ગ્રાઉન્ડમાં ભાજપના ઉમેદવારને જીતાડવા માટેની સભા કરવામાં આવનાર છે ત્યારે સુરેન્દ્રનગરની બેઠક ભાજપ માટે એ ગ્રેડની મનાય છે. છતાં ચૂંટણીમાં ક્ષત્રિય સમાજનો રોષ, કોંગ્રેસના તળપદા કોળી જ્ઞાતિના ઉમેદવાર અને ભાજપના ઉમેદવારને લઇને ભાજપ કચાસ રાખવા માંગતુ નથી. શહેરના ત્રિમંદિર સામે ભાજપે સભાની જાહેરાત કરી છે.

સુરેન્દ્રનગર લોકસભાની બેઠકના પ્રચાર માટે વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદી તા.૨ના રોજ સુરેન્દ્રનગરમાં સભા ગજવનાર છે. ત્યારે ત્રિમંદિર સુરેન્દ્રનગર-મૂળી રોડ પર સભાસ્થળે હાલ ડોમ તૈયાર કરવા સહિત તડામાર તૈયારીઓ ચાલી રહી છે. તા.૨મેએ વડાપ્રધાન સુરેન્દ્રનગરમાં સભા માટે આવી રહ્યા છે. સુરેન્દ્રનગર-મૂળી રોડ પર આવેલી ત્રિમંદિર પાસેની જગ્યાએ તડામાર તૈયારીઓ ચાલી રહી છે. લોકસભાની ચૂંટણીમાં ઝાલાવાડની આ બેઠક પર છેલ્લા ૨ ટર્મથી વડાપ્રધાનની સભા બાદ સમીકરણો બદલાતા હોય છે. ત્યારે આ વખત શું થાય તે જોવું રહ્યું.

**જામનગરમાં વડાપ્રધાનની જાહેર સભા પૂર્વે ગૃહ રાજયમંત્રી ઓચિંતા જામનગરની મુલાકાતે પહોંચ્યા**

ગુરૂવારે જામનગરમાં ચૂંટણી પ્રચાર માટે આવી રહેલા વડાપ્રધાન નરેન્દ્ર મોદીની જાહેરસભા નિર્વિઘ્ને સંપન્ન થાય અને બહોળી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહે તેના આયોજન માટે રાજયના ગૃહમંત્રી હર્ષ સંઘવી ગઇરાત્રે જામનગર આવી પહોંચ્યા હતા અને તેઓ સભા સ્થળની મુલાકાત કરવા ઉપરાંત ભાજપ અગ્રણીઓ સાથે પરાર્મશ કર્યો હતો.

**કાલે ડિસા અને હિંમતનગર તેમજ ગુરૂવારે આણંદ, જુનાગઢ, જામનગર અને સુરેન્દ્રનગરમાં જાહેર સભા : રૂપાલાના વિરોધ અને ક્ષત્રિય વિવાદના પગલે વડાપ્રધાનની સભા માટે રાજયના ટોચના ત્રણ આઇપીએસ અધિકારીઓને સોંપાતી જવાબદારી**

ગુજરાતમાં લોકસભાની ચૂંટણી માટે ૭મે ના રોજ મતદાન યોજાનાર છે. આ સ્થિતિમાં જામનગર લોકસભા બેઠકના ભાજપના ઉમેદવાર પૂનમબેન માડમના ચૂંટણી પ્રચાર માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદી તા.૨ને ગુરૂવારના રોજ જામનગર આવી રહ્યા છે. શહેરના પ્રદર્શન મેદાન ખાતે યોજાયેલી ચૂંટણી સભાને તેઓ સંબોધન કરશે. આ સભાના આયોજનને સફળતા મળે અને કોઇ વિરોધ પ્રદર્શન કે ખલેલ ન થાય તે માટે આયોજનની જાણકારી મેળવવા અને સમીક્ષા કરવા ગઇરાત્રે ગૃહરાજયમંત્રી હર્ષ સંઘવીનું જામનગરમાં આગમન થયું હતું.

તેઓએ આઇજી, એસ.પી. અને સ્થાનિક નેતાઓને સાથે રાખી પ્રદર્શન મેદાન ખાતે જાહેર સભા માટે થઇ રહેલી તૈયારીનું જાતનિરિક્ષણ કર્યુ હતું. વડાપ્રધાનની સભામાં કોઇ વિરોધ પ્રદર્શન ન થાય તે માટે તમામ તકેદારી રાખવા તેઓએ પોલીસ વિભાગને સૂચના આપી હતી. વડાપ્રધાનની સભામાં બહોળી સંખ્યામાં જનસમુદાય ઉપસ્થિત રહે તે માટે તેઓએ ભાજપના પ્રમુખ ડો.વિમલ કગથરા, ધારાસભ્યો સહિતના જવાબદાર નેતાઓ સાથે પરાર્મશ કર્યો હતો.

# BCA પેપર લીક કાંડમાં પગલા લેવાની માંગ સાથે NSUI-CYSS દ્વારા યુનિ. સત્તાધીશો પર નકલી નોટોનો વરસાદ

■ યુનિવર્સિટીનો મુખ્ય ગેટ બંધ કરી દેવાતા વિદ્યાર્થી આગેવાનો અને પોલીસ વચ્ચે ઘર્ષણ : આવેદનપત્ર અપાયું




રાજકોટ, તા. ૩૦: બીસીએ પેપર લીક કાંડમાં જવાબદારો સામે પગલા લેવાની માંગ સાથે એનએસયુઆઇ અને સીવાયએસએસના આગેવાનોએ આજે યુનિ. ખાતે દોડી જઇ યુનિ.ના સત્તાધીશો પર નકલી નોટોનો વરસાદ વરસાવી સુત્રોચ્ચાર કર્યા હતા.

આ અંગે સીવાયએસએસના ઉપપ્રમુખ સુરજ બગડા, એનએસયુઆઇના જિલ્લા પ્રમુખ રીયાજ સુમરા તથા શહેર પ્રમુખ બ્રિજરાજસિંહ રાણાએ જણાવ્યું હતું કે સૌરાષ્ટ્ર યુનિ.ના બીસીએ સેમ-૪ના ત્રણ પેપરો લીક થવા છતાં યુનિ. દ્વારા હજુ સુધી કોઇ પોલીસ ફરિયાદ કરવામાં આવી નથી. યુનિ.એ માત્ર તપાસ કમીટી રચી જવાબદારીમાંથી સતાધીશો છટકી રહ્યા છે.

આ પ્રકરણમાં ભ્રષ્ટાચાર થયાની શંકા રહેલી હોય, યુનિ.ના સતાધીશો પર નકલી નોટોનો વરસાદ કરવામાં આવેલ છે. વિદ્યાર્થી આગેવાનોને યુનિ. બિલ્ડીંગમાં પ્રવેશતા અટકાવવા માટે મુખ્ય ગેટ બંધ કરી દેવામાં આવેલ હતો. યુનિ.ના સતાધીશોએ યુનિ. બિલ્ડીંગની નીચે દોડી આવી વિદ્યાર્થીઓને રજુઆત સાંભળી હતી. આ તકે વિદ્યાર્થી આગેવાનોએ સુત્રોચ્ચાર કરી આ પ્રકરણમાં પગલા લેવા માટે યુનિ. સતાધીશોને બે દિવસનું અલ્ટીમેટમ આપેલ હતું.

## ક્ષત્રિય રાજપૂત સમાજ અગ્રણી સ્વ શ્રી બેચરભા પાંચાભા પરમારની ત્રીજી વાર્ષિક પુણ્યતિથિ નિમિતે મહા રક્તદાન કેમ્પ તથા શ્રી રામ ધૂન કાર્યક્રમ

**શ્રી ક્ષત્રિય રાજપૂત સમાજ અગ્રણી સમાજ શ્રેષ્ઠીશ્રી સ્વ.શ્રી બેચરભા પાંચાભા પરમાર ની ત્રીજી વાર્ષિક પુણ્યતિથિ નિમિતે ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ નમન.**



રાજકોટ, તા. ૩૦: સ્વ. શ્રી બેચરભા પરમારની ત્રીજી પુણ્યતિથિ નિમિતે માનવ જીવન બચાવવાના ઉમદા કાર્ય માટે રક્તદાન એજ મહાદાન. તા.૦૨/૦૫/૨૦૨૪ ગુરુવારના રોજ મહા રક્તદાન કેમ્પ સવારે ૧૦:૦૦ કલાક થી બપોરના ૦૧:૦૦ કલાક સુધી યોજાશે તથા શ્રી રામ ધૂન નુ બપોર પછીના સમયે ૦૪:૦૦ કલાક થી ૦૬:૦૦ કલાક સુધી આયોજન કરેલ છે જેના મુખ્ય કલાકાર અશોકભાઈ ભાયાણી રહેશે.બન્ને કાર્યક્રમ શ્રી બેડીપરા રાજપૂત વાડી ૫/૧૫ રણછોડનગર રાજકોટ ખાતે યોજાશે. આ બન્ને કાર્યક્રમમાં આપ સર્વે બંધુઓને મિત્ર મંડળ સહિત પધારવા ભાવભર્યું નિમંત્રણ છે.

મહા રક્તદાન કેમ્પઃ તા. ૦૨/૦૫/૨૦૨૪ , ગુરુવાર સમય. સવારે ૧૦:૦૦ થી ૦૧:૦૦ કલાકે

શ્રી રામ ધૂનઃ તા.૦૨/૦૫/૨૦૨૪ , ગુરુવાર સમય. સાંજે ૦૪:૦૦ થી ૦૬:૦૦

સ્થળ - મહા રક્તદાન કેમ્પ તથા શ્રી રામ ધૂનઃ શ્રી બેડીપરા રાજપૂત વાડી ૫/૧૫ રણછોડનગર , રાજકોટ

# ગુજરાતીઓને ગુજરાતી ભાષામાં જ એન્જિનિયરિંગ કરવું ગમતું નથી! ૧૨૦માંથી એકપણ સીટ ન ભરાઈ!

■ તેલુગુ, તમિલ ભાષાના કોર્સની મોટા ભાગની બેઠકો ભરાઈ ગઈ

■ બે વર્ષ પહેલાં AICTEએ ૮ સ્થાનિક ભાષામાં ઈજનેરી અભ્યાસ લાગુ કર્યો હતો



નિહિર પટેલ બે વર્ષ પહેલાં એન્જિનિયરિંગ અભ્યાસ ગુજરાતી સહિત અન્ય ભાષાઓમાં પણ થઈ શકશે તેવી અખિલ ભારતીય ટેક્નોલોજી શિક્ષા પરિષદે (અઇઇઝઊ)એ મંજૂરી આપી હતી. ગુજરાતી, હિન્દી સાથે અન્ય સાત ભારતીય ભાષાઓમાં ઈજનેરી ભણાવવાની મંજૂરી આપવામાં આવી હતી જેમાં હિન્દી, બંગાળી, તામિલ, તેલુગુ, કન્નડ, મરાઠી, મલયાલમ અને ગુજરાતી ભાષાને મંજૂરી મળી છે, પરંતુ ૧૦માંથી માત્ર ૪ રાજ્યને બાદ કરતા મોટાભાગના રાજ્યોમાં જે-તે સ્થાનિક ભાષામાં એન્જિનિયરિંગ ભણવાનો નબળો પ્રતિસાદ મળ્યો છે. ગુજરાતની જ વાત કરવામાં આવે તો ગુજરાતીઓને એન્જિનિયરિંગ તો ભણવું છે પરંતુ ગુજરાતી ભાષામાં નથી ભણવું. કારણ કે વર્ષ ૨૦૨૨-૨૩માં કુલ ૧૨૦માંથી એક પણ સીટ ભરાઈ નથી. AICTEના ડેટા પર નજર કરીએ તો વર્ષ ૨૦૨૨-૨૩માં આંધ્રપ્રદેશમાં તેલુગુ ભાષામાં ઈજનેરી ભણવા ૧૨૦માંથી ૧૦૫ સીટ ભરાઈ છે, તમિલનાડુમાં તમિલ ભાષામાં ભણવા ૧૨૦માંથી ૧૧૦ સીટ ભરાઈ છે, ઉત્તરપ્રદેશમાં હિન્દી ભાષામાં ઈજનેરી ભણવા ૨૪૦માંથી ૨૨૮ સીટ ભરાઈ છે. જ્યારે ગુજરાત સહિત બાકીના રાજ્યોમાં સ્થિતિ નબળી હોવાનું આંકડા દર્શાવે છે જેમાં વર્ષ ૨૦૨૨-૨૩માં કર્ણાટકમાં કન્નડ ભાષામાં ઈજનેરી ભણવા ૯૦માંથી એકપણ સીટ ન ભરાઈ, ઉત્તરાખંડમાં હિન્દી ભાષામાં ભણવા ૧૮૦માંથી એકપણ સીટ ન ભરાઈ, ગુજરાતમાં ગુજરાતી ભાષામાં ઈજનેરી કરવા ૧૨૦માંથી એકપણ સીટ ભરાઈ નથી. ભારતમાં આંતરરાષ્ટ્રીય સ્તરને ધ્યાનમાં રાખીને ઈજનેરી અભ્યાસ અંગ્રેજીમાં કરવામાં આવે છે. પરંતુ અઇઇઝઊના નવા નિર્ણય બાદ માત્ર પ્રાદેશિક ભાષાઓમાં પણ ઈજનેરી શક્ય બન્યું છે.

# ધાનાણીનો રૂપાલાને ટોણોઃરાજકોટમાં કહ્યુંઃ સાહેબ દોઢ મહિના પહેલાં આવ્યા, ટેસ્ટ રમ્યા, પણ સ્કોર ન થયો

■ **પહેલાં ૧૦માં ૧૦ પાણીપૂરી આવતી, હવે તો પાછા વળો'**

રાજકોટ, તા. ૩૦ઃ એક તરફ IPLની સિઝન ચાલી રહી છે. બીજી તરફ દેશમાં લોકસભા ચૂંટણીનો માહોલ પણ ચાલી રહ્યો છે. ત્યારે રાજકોટ લોકસભા બેઠકના કોંગ્રેસના ઉમેદવાર પરેશ ધાનાણી ચૂંટણીના પર્વને ક્રિકેટ મેચ સાથે સરખાવી રહ્યા છે. ફોર્મ ભરવાના બે દિવસ બાકી હતા ત્યારે પરેશ ધાનાણીને કોંગ્રેસના ઉમેદવાર તરીકે જાહેર કરવામાં આવ્યા હતા, આથી ગઈકાલે રાજકોટમાં જાહેરસભામાં ધાનાણીએ ભાજપના પુરુષોત્તમ રૂપાલા સામે પ્રહાર કરતાં જણાવ્યું હતું કે 'અમારા સાહેબ દોઢ મહિનાથી ટેસ્ટ રમતા હતા, સ્કોર ન થયો, જેથી મારા ભાગે ૨૦-૨૦ રમવાની આવી.

રાજકોટ લોકસભા કોંગ્રેસના ઉમેદવાર પરેશ ધાનાણીની ગઈકાલે રાજકોટના નવાગામ સ્થિત ખોડલધામ રેસિડેન્સી ખાતે જાહેરસભા સંબોધી હતી, જેમાં મોટી સંખ્યામાં સ્થાનિક લોકો ઉપસ્થિત રહ્યા હતા. આ દરમિયાન પરેશ ધાનાણીએ પોતાના પ્રચારને ક્રિકેટ મેચ સાથે સરખાવી પ્રવચન આપતાં જણાવ્યું હતું કે અમારા સાહેબ દોઢ મહિનાથી ટેસ્ટ રમતા હતા, સ્કોર ન થયો, જેથી મારા ભાગે ૨૦-૨૦ રમવાની આવી છે. અહીં ટેસ્ટ મેચ રમતા સાહેબ તરીકે પુરુષોત્તમ રૂપાલાનું નામ લીધા વગર પ્રહાર કરી મતદારો પાસે મતદાનની અપીલ કરી હતી.




**રાજકોટ પ્રીમિયર લીગમાં હું રમવા તો આવ્યો છું**

તેમણે વધુમાં જણાવ્યું હતું કે રાજકોટ પ્રીમિયર લીગમાં હું રમવા તો આવ્યો છું, પણ બધાને ન મળી શકાયું હોય તો હાથે જ ફિલ્ડિંગ ગોઠવી લેજો. બધા લોકો પોતપોતાના આડોશીપાડોશી અને સગાંસંબંધીઓને ૧૦-૧૦ ફોન કરી મતદાન કરવા અપીલ કરજો. આપણી તરફેણમાં મતદાન કરે તેવી અપીલ મારા વતી કરી દેજો. તમે મારા જામીન થશો તો તમારી જામીનગીરી નિષ્ફળ નહીં જવા દઉં, એટલો વિશ્વાસ રાખજો.

આ સાથે સભા દરમિયાન પરેશ ધાનાણીએ નરેન્દ્ર મોદીને નામ લીધા વગર ટાર્ગેટ કરી ઉપસ્થિત મહિલાઓને જણાવ્યું હતું કે આવક ઓછી થતી જાય છે, મોંઘવારી વધતી જાય છે. બહેનો તમારી કટકીનો માલ હવે બચતો નહીં હોય. બહેનોએ ૫૦ની નોટમાંથી ૫ કટકટાવીને મૂકી જ દીધી હોય પણ આ તમારા ભાઈને દિલ્હી બેસાડ્યા, તમારો કટકીનો માલ એ ખાઈ ગયા છે. કટકીનો માલ ક્યાંય વધવા દેતા નથી. હવે આ વાત સમજજો એટલી હું વિનંતી કરવા આવ્યો છું.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે દેશમાં હાલ બહુમતીના જોરે રચાયેલી સરકારે અસહ્ય મોંઘવારી વધારી દીધી છે, તેમજ દરરોજના જીવનનિર્વાહની ચીજોના ભાવો આસમાને પહોંચાડી દીધા છે. દરેક જીવન જરૂરિયાતની ચીજવસ્તુઓમાં ભાવ વધારીને આ ભાજપ સરકાર ધોળે દિવસે લૂંટ ચલાવી રહી છે. ત્યારે આમ જનતા તેમજ ગૃહિણીઓ આર્થિક રીતે આ મોંઘવારીનો માર સહન કર્યે જાય છે છતાં પણ હાલની ચૂંટાયેલી સરકાર ભાવવધારાથી લોકોની તકલીફ પ્રત્યે ધ્યાન આપતી નથી.

**ભાજપના રાજમાં ૨૦ રૂપિયામાં ફક્ત ૬ પાણીપૂરી મળે છે**

ઉલ્લેખનીય છે કે મોંઘવારી મુદ્દે જાહેરસભામાં ઉપસ્થિત મહિલાઓને તેમની પ્રિય પાણીપૂરીના ભાવ અંગે પણ ટકોર કરી હતી કે રોડ-શો દરમિયાન એક પાણીપૂરીની લારીએ મહિલાઓ પાણીપૂરી ખાતી હતી. ત્યારે ત્યાં જઈને ભાવ પૂછતાં જાણવા મળ્યું હતું કે પહેલાં ૧૦ રૂપિયામાં ૧૦ પાણીપૂરી મળતી હતી, એ આજે આ ભાજપના રાજમાં ૨૦ રૂપિયામાં ફક્ત ૬ પાણીપૂરી મળે છે.

# જેતપુર વિધાનસભા મતદાર વિભાગના મતદાન મથકો અને EVM કમિશનીંગ સ્થળની મુલાકાત લેતા જનરલ ઓબ્ઝર્વર ટી.એન. વેંકટેશ

જેતપુર, તા. ૩૦ઃ લોકસભા સામાન્ય ચૂંટણી -૨૦૨૪ અનુસંધાને તા.૭ મે, ના રોજ મતદાન થનાર છે ત્યારે ચૂંટણી તંત્ર દ્વારા મતદાન માટે પુરજોશમાં તૈયારીઓ ચાલી રહી છે. જે સંદર્ભે ૧૧ પોરબંદર સંસદીય મતવિસ્તારના જનરલ ઓબ્ઝર્વર શ્રી ટી.એન.વેંકટેશ દ્વારા મતવિસ્તારમાં સમાવિષ્ટ ૭૪ - જેતપુર વિધાનસભા મતદાર વિભાગની મુલાકાત લેવામાં આવી હતી. તેઓશ્રીએ જેતપુર તાલુકાનાં મોટા ગુંદાળા તેમજ મંડલીકપુર ગામનાં મતદાન મથકોની મુલાકાત લઈને વિવિધ સુવિધાઓ તેમજ વ્યવસ્થાઓની ચકાસણી કરી હતી. જેતપુરમાં સે. ફ્રાન્સિસ સ્કુલ ખાતે ચાલી રહેલી ઈ.વી.એમ.કમિશનીંગ (પ્રિપેરેશન) પ્રક્રિયાનું નિરીક્ષણ કર્યું હતું. વધુમાં V.I.S (વોટર ઇન્ફોર્મેશન સ્લીપ)ના વિતરણ કામગીરી અંગેની સમીક્ષા કરી હતી. જેમાં




મામલતદારશ્રી સર્વે એમ.એસ.ભેસાણીયા, શ્રી એમ.બી.પટોળીયા, શ્રી કે.બી.સાંગાણી તથા નાયબ મામલતદારશ્રી ટી.જે.પંચાસરા તથા બી.પી. બોરખતરીયાએ સાથે રહીને તેમને વિવિધ જાણકારી આપી હતી.

આ તકે ઓબ્ઝર્વરશ્રી જેતપુર ખાતે શ્રી બોસમીયા કોલેજમાં યોજાયેલ ૭૩-ગોંડલ, ૭૪-જેતપુર અને ૭૫-ધોરાજી વિધાનસભા મતદાર વિભાગનાં તમામ ઝોનલ ઓફિસર્સનાં સંયુક્ત તાલીમ કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા. તેમણે શાંતિપૂર્ણ અને નિષ્પક્ષ ચૂંટણી યોજાઈ તે સુનિશ્ચિત કરવા તથા હીટવેવ અનુસંધાને જરૂરી તકેદારી રાખવા માર્ગદર્શન આપ્યું હતું.

# ગુના આચરીને ૮ વર્ષ, ૧૫ વર્ષ અને ૮ મહિનાથી ફરાર પાંચ શખ્સને ક્રાઈમ બ્રાંચે શોધીને દબોચ્યા



(સામના મિરર, સંવાદદાતા)

રાજકોટ તા. ૩૦: શહેરમાં વર્ષોથી અને મહિનાઓ પહેલા અલગ અલગ ગુનાઓ આચરી ભાગી ગયેલા અને લાંબા સમયથી હાથમાં નહિ આવતાં આરોપીઓને શોધી કાઢવાની ખાસ ડ્રાઇવ દરમિયાન ક્રાઇમ બ્રાંચે પાંચ આરોપીઓને શોધી કાઢ્યા છે. જેમાં એક શખ્સ ઠગાઇના ગુનામાં ૧૫ વર્ષથી, એક શખ્સ દારૂ-ચોરીના ગુનામાં ૮ વર્ષથી ફરાર હતો. જ્યારે પોલીસ લોકરક્ષકની ભરતીના નકલી નિમણુકપત્રો બનાવવાના કૌભાંડમાં ચોટીલા પંથકના ત્રણ શખ્સો આઠ માસથી ફરાર હોઇ તેને પણ પકડી લેવાયા હતાં.

જાણવા મળ્યા મુજબ હાલ સુરત પાલનપુર રોડ પર ભક્તિધર્મ સોસાયટી બિલ્ડીંગ નંબર-૧૬ ફલેટ નં. ૩૦૧માં રહેતો અને અગાઉ રાજકોટ નિર્મલા રોડ પ્રકાશ સોસાયટી-૧માં પણ રહી ચુકેલો મુળ ધોરાજી સ્ટેશન પ્લોટ વિશાલ એપાર્ટમેન્ટનો રોનક મનસુખભાઇ હીરપરા (ઉ.વ.૪૩) તેના વિરૂધ્ધ ગાંધીગ્રામ પોલીસમાં ૧૫ વર્ષ પહેલા ૪૯૮ તેમજ ૪૦૬, ૪૨૦ મુજબ દહેજધારા સહિતની કલમો હેઠળ ગુનો નોંધાયો હોઇ ત્યારથી સતત ફરાર હતો. આ શખ્સને એએસઆઇ હરદેવસિંહ જાડેજા, કોન્સ. મોહિલરાજસિંહ ગોહિલ, ગોપાલ પાટીલની બાતમી પરથી પકડી ગાંધીગ્રામ પોલીસને સોંપાયો છે.

જ્યારે રાજકોટ શહેર, ગીર સોમનાથ પોલીસમાં દાખલ થયેલા દારૂના ગુનામાં અને અમદાવાદ શહેરના ચોરીના ગુનામાં ૮ વર્ષથી ફરાર ગૌરાંગ પ્રહલાદભાઇ રાવલ (ઉ.વ.૪૨-રહે. હાલ નાની દમણ, શાલીમાર સોસાયટી ઘર નં. ૩, શેરી નં. ૬, મુળ શારદા પાર્ક સોસાયટી મહેસાણા)ને એએસઆઇ હિતેન્દ્રસિંહ ઝાલા, હરદેવસિંહ જાડેજા તથા કોનસ. મોહિલરાજસિંહ ગોહિલની બાતમી પરથી પકડી ભક્તિનગર પોલીસને સોંપાયો છે. તેના વિરૂધ્ધ આઠ વર્ષ પહેલા ભક્તિનગરમાં દારૂનો, એ પછી ગીર સોમનાથમાં પણ દારૂનો અને અમદાવાદમાં ચોરીનો ગુનો નોંધાયો હતો. અગાઉ આ શખ્સ મહેસાણા, કડી, કલોલ, પ્રભાસપાટણ, વલસાડ, સાયલા, ચાંગોદર, ખેડા સહિતના પોલીસ સ્ટેશનોમાં દારૂ-ચોરીઓના ગુનામાં સંડોવાયો હતો.

જ્યારે આઠ મહિના પહેલા રાજકોટ ડીસીબી પોલીસ સ્ટેશનમાં પોલીસ લોકરક્ષક ભરતીના નકલી નિમણુંક પત્રો બનાવવાના કૌભાંડનો પર્દાફાશ થયો હતો. જેમાં સુત્રધાર સહિતનાને જે તે વખતે દબોચી લેવાયા હતાં. આ ત્રણ શખ્સોમાં ચિરાગ રમેશભાઇ ઓળકીયા (ઉ.વ.૨૩-રહે. ત્રંબોડા તા. ચોટીલા), અક્ષય વાઘાભાઇ રાઠોડ (ઉ.વ.૨૨-રહે. કુંઢડા તા. ચોટીલા) અને વિક્રમ હરજીભાઇ રાઠોડ (ઉ.વ.૨૯-રહે. કુંઢડા તા. ચોટીલા)ને પકડી લેવાયા છે. પોલીસ કમિશનર રાજુ ભાર્ગવ, જેસીપી વિધી ચૌધરી, ડીસીપી ક્રાઇમ ડો. પાર્થરાજસિંહ ગોહિલ, એસીપી ક્રાઇમ બી. બી. બસીયાની સુચના અનુસાર પીઆઇ એમ.આર. ગોંડલીયા, પીએસઆઇ એ. એન. પરમાર, એએસઆઇ હિતેન્દ્રસિંહ ઝાલા, ભરતભાઇ વનાણી, હરદેવસિંહ જાડેજા, જલદિપસિંહ વાઘેલા, હેડકોન્સ. કૃષ્ણદેવસિંહ ઝાલા, વિરેન્દ્રસિંહ ઝાલા, રણજીતસિંહ જાડેજા સહિતે આ કામગીરી કરી હતી. ઠગાઇના ગુનામાં ૪ વર્ષથી ફરાર અમીનશા શાહમદારને યુનિવર્સિટી પોલીસે પકડયો હતો.

અગાઉના ગુનાઓમાં લાંબા સમયથી ભાગતાં ફરતાં આરોપીઓને શોધી કાઢવાની ઝુંબેશ અંતર્ગત યુનિવર્સિટી પોલીસની ટીમે ઠગાઇ-કાવત્રાના ગુનામાં ચાર વર્ષથી ફરાર શખ્સ અમીનશા ઉર્ફે કાલરીયા વલીશા શાહમદાર (રહે. ગોંડલ ભોજરાજપરા સાઇડીંગ રોડ, હાજી મુસાબાવાની દરગાહ પાસે)ને પીઆઇ સી. એચ. જાદવ તથા હેડકોન્સ. રઘુવીરસિંહ વાળાની બાતમી પરથી જે. કે. ચોકમાંથી પકડી લેવાયો છે. આ શખ્સ વિરૂધ્ધ વર્ષ ૨૦૨૦માં આઇપીસી ૪૦૬, ૪૨૦, ૧૨૦-બી મુજબ ગુનો દાખલ થયો હતો. ત્યારથી તે સતત ફરાર હતો. પીઆઇ એન. આઇ. રાઠોડના માર્ગદર્શનમાં પીઆઇ સી. એચ. જાદવ, પીએસઆઇ બી. આર. ભરવાડ, એએસઆઇ સમીરભાઇ શેખ, હેડકોન્સ. રઘુભા વાળા, સિધ્ધરાજસિંહ જાડેજા, મહિપાલસિંહ જાડેજા, મહેન્દ્રસિંહ ડોડીયા, કોન્સ. વનરાજભાઇ લાવડીયા, ગોપાલસિંહ જાડેજા, દિવ્યરાજસિંહ જાડેજા, યોગરાજસિંહ ગોહિલ સહિતે પકડી લીધો હતો.

# ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળે પરીક્ષા નવી તારીખ જાહેર કરીઃ ૧૧ થી ૨૦ મે સુધી પરીક્ષા લેવાશે

રાજકોટ,તા.૩૦: ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા , જુનિયર પાર્ક અને સાથે કેડરની જા. ક્ર. ૨૧૨/૨૦૨૩-૨૪ પરીક્ષા માટેની એક મહત્વની અપડેટ જાહેર થઈ છે. લોકસભા ચૂંટણી ચાલી રહી છે તેના કારણે ગુજરાત રાજ્યમાં ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા પરીક્ષા માં પાછળની તારીખ મોકુફ રાખવામાં આવેલી હતી.

જે મુજબ તારીખ ૨૦,૨૧,૨૭ અને ૨૮ એપ્રિલ તથા ચાર ને પાંચ મેં રોજ જે પરીક્ષા લેવામાં આવતી હતી તે મોકુફ રાખવામાં આવેલી હતી.પરંતુ હવે તેની તારીખ આવી ગઈ છે જે પાંચમા મહિનાની ૧૧,૧૩,૧૪,૧૬ અને ૧૭ તેમજ ૨૦ તારીખના રોજ ચાર શિફ્ટમાં આયોજન કરવામાં આવેલી છે. અને આ તારીખમાં પરીક્ષા આપી રહેલા તમામ ઉમેદવારોએ તારીખ ૮ મે ૨૦૨૪ સુધી પોતાના નવા કોલ લેટર ડાઉનલોડ કરવાના રહેશે

તેમ ગુજરાત ગૌશાળા પસંદગી મંડળ દ્વારા અત્યારે વર્ગ-૩ ની સ્પર્ધાત્મક પરીક્ષા લેવામાં આવી હતી જેમાં કુલ ૫૫૫૪ જગ્યા ઉપર ભરતી નું આયોજન કરેલું હતું. પરંતુ આ પરીક્ષાના કાર્યક્રમમાં લોકસભા ચૂંટણીના કારણે કેટલાક ફેરફાર કરવામપરંતુ હવે તેની નવી તારીખ જાહેર કરી દેવામાં આવેલી છે ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ એડ નંબર ૨૧૨ દ્વારા મુલતવી રાખવામાં આવેલ પરીક્ષા આવે તારીખ ૧૧ થી ૧૩ મે લઈને ૨૦ મે સુધી લેવામાં આવશે.

સામના મિરર (દૈનિક) તંત્રી, મુદ્રક, પ્રકાશક અને માલિક : રાજેશ ઉદયકુમાર બગડાઈ
મુદ્રણ અને પ્રકાશન સ્થાન : સામના મિરર પ્રિન્ટર્સ, જય ભવાની, ચુનારાવાડ શેરી નં.૫, શાક માર્કેટ પાસે, રાજકોટ ૩૬૦૦૦૭

# રાજકોટ એસ.ટી. ડીવીઝન દ્વારા રોજની ૩૫થી વધુ એક્સ્ટ્રા બસો દોડાવવાનું શરૂ કર્યું



રાજકોટ, તા. ૩૦: રાજકોટ એસ.ટી. ડીવીઝનની તીજોરી રોજેરોજ છલકાઇ રહી છેઃ રોજની આવક ૭૨ લાખે પહોંચી છેઃ ઉનાળુ વેકેશન શરૂ થતા અને ચિક્કાર ટ્રાફીક હોય તમામ પ્રકારની બસો હાઉસફૂલ જઇ રહી છેઃ પરીણામે રોજની ૩૫ થી વધુ એક્સ્ટ્રા બસો દોડાવાઇ રહી છેઃ જેમાં રાજકોટથી અમદાવાદ, ભાવનગર, દ્વારકા, સુરેન્દ્રનગર, મહુવા, મોરબી-અમદાવાદ તથા રાજકોટ-કચ્છ વચ્ચે એક્સ્ટ્રા બસો દોડાવાય છેઃ ઓનલાઇન બુકીંગ પણ ફૂલ છે.

## રાજુલા નાગરિક બેંક દ્વારા લોન ખાતેદારને વીમા સહાયની રકમનો ચેક અર્પણ કરાયો



રીપોર્ટરઃ ધર્મેશ મહેતા-રાજુલા

રાજુલા શહેરમા થોડા દિવસો પહેલા કટલેરી હોજીયરીના હોલ સેલ વેપારી મનીષભાઇ કાનાબારની દુકાનમાં આકસ્મિક આગ લાગવાથી તેમના માલ-સામાન ભારે નુકશાન થયું હતું. રાજુલા નાગરિક બેંકમાં સી સી લોન ખાતું હોય અને બેંક દ્વારા સી સી લોનના તમામ ખાતામાં વીમો લેવામાં આવે છે. ત્યારે નાગરીક બેંકના ચેરમેન મહેન્દ્રભાઈ ધાખડા, વાઇસ ચેરમેન દિનેશભાઈ પારેખ તેમજ સમગ્ર બોર્ડ ઓફ ડિરેક્ટર્સ દ્વારા વેપારીને રૂબરૂ બેંકમાં બોલાવી તેના માલ સ્ટોકની નુકશાનીના વળતરની રકમ રૂ. ૧૦૧૯૦૦૦ નો ચેક તેમને બેંક દ્વારા અર્પણ કરવામાં આવ્યો હતો.

# રાજકોટમાં પ્રસાદ ખાધા પછી ૪૦૦ જેટલા લોકો બીમાર પડ્યા

- બીમાર લોકોને તાત્કાલિક હોસ્પિટલ ખસેડાયા
- ગોખલાણા ગામે માતાજીના માંડવામાં પ્રસાદ લીધા બાદ બની ઘટના : આરોગ્ય વિભાગે પ્રસાદના સેમ્પલ લીધા

રાજકોટ, તા.૩૦: રાજકોટમાં ગોખલાણા ગામમાં માતાજીના માંડવાનું આયોજન કરવામાં આવ્યું હતું જે પ્રસંગમાં આવેલા લોકો એ સાંજના સમયે લીધેલા પ્રસાદ બાદ લગભગ ૪૦૦ લોકોની તબિયત લથડી હતી જે બાદ બીમાર પડેલા લોકોને તાત્કાલિક હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. મળતી માહિતી અનુસાર રાજકોટ જિલ્લાના જસદણ તાલુકાના ગોખલાણા ગામે માતાજીના માંડવા ખાતે સાંજના સમયે પ્રસાદ ખાધા બાદ અનેક લોકો બીમાર પડ્યા હોવાની માહિતી પ્રકાશમાં આવી છે. સમગ્ર ગામ વતી ગોખલાણામાં મેલડી માતાજીના માંડવાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ૧૦૦૦ થી વધુ લોકો આવ્યા હતા. તે જ સમયે, પ્રસાદ ખાવાથી બાળકો સહિત ૪૦૦ થી વધુ લોકો બીમાર પડ્યા હતા. બધાને ઉલ્ટી થવા લાગી. ૫ થી ૧૨ વર્ષના બાળકો આમાં મોટાભાગે પ્રભાવિત થયા હતા.

મળતી માહિતી મુજબ ફૂડ પોઇઝનિંગના કારણે મોટી સંખ્યામાં લોકોને જસદણની સરકારી હોસ્પિટલ તેમજ ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા.


આ ઘટના બાદ આરોગ્ય વિભાગ ઘટના સ્થળે પહોંચી ગયો હતો. આરોગ્ય વિભાગે પણ ગોખલાણા પહોંચીને પ્રસાદના સેમ્પલ લીધા છે

# જામજોધપુર તાલુકાના સમાણા ગામના વૃક્ષ પ્રેમી મનુભાઈ



જામજોધપુર, તા. ૩૦: જામજોધપુર તાલુકાના સમાણા ગામના એક એવા વ્યક્તિને મુલાકાત કરી જેવો પાન ખર વચ્ચે અમી ધારા વહેડા વતા વૃક્ષ પ્રમી મનુભાઈ ભરડવા વધુ વિગત જાત મુલાકાત લેતા સૌરાષ્ટ્ર પટેલ સમાજનાં ટૃષ્ટી ભરતભાઈ સંઘાણી એ જણાવ્યું છે કે સૌરાષ્ટ્રના જામનગર જિલ્લાના જામજોધપુર તાલુકા નું સમાણા ગામના વતની છે. શુકી ભઠ્ઠ ધરતીમા સમાણા ગામનાજ વય વૃધ મનુભાઈ ઉંમર ૭૦ વર્ષ આજે પણ તેવો વૃક્ષો વાવીને જતન કરી જન કલ્યાણનુ કાચે કરી રહ્યો છે તેમના સ્વભાવની વાત કરીએ તો ઓછું બોલવું અને મુંગે મોઢે સેવાનું કામ કરવું તેનું કતેવ્ય છે આવા વ્યક્તિ બહુંજ ઓછો જોવા મળે છે ભગીરથ કાચે કરી ને જીવન સાથેક બનાવનાર મનુભાઈ ભરડવાને સૌ.સૌ.સલામ કરીચે નાનો એવો ધંધો ફરસાણની દુકાન સમાણા ગામના બસ સ્ટેન્ડ માં ચલાવનાર ધંધામાંથી થોડો સમય બચાવીને આજે વૃક્ષારોપણ કરી તેનું જતન કરે છે. ક્યારેક ક્યારેક ખંભે કાવડ લઈને વૃક્ષોને પાણી પાવા જાય છે.નીસ્વાથે સેવા કાચે સમાણાં ના જાહેર રસ્તા.તેમજ સ્કૂલ તેમજ હોસ્પિટલ અન્ય જગ્યો એ વૃક્ષો વાવીને ઉછેર કરે છે એકલા હાથે વૃક્ષો વાવવાનું કાચે ઉપાડ્યું છે.

આજે તેમને અનેક વૃક્ષોનું જતન પાલન કરે છે. જેમાં પીપર,વડ જેવા વૃક્ષો વાવીને મોટાં પણ કરી દીધા છે. આ વૃક્ષ થકી પક્ષીઓને ખોરાક અને આશરો મળી રહ્યો છે અને ઘણાં પક્ષીઓ એ વૃક્ષ પર રહેઠાણ બનાવી દીધું છે. આ વૃક્ષનું જતન થકી પર્યાવરણ સુધારવાનું કાચે પણ થઈ રહ્યું છે. આવાં સત કાચે કરનાર મનુભાઈ ભરડવા ને લાખલાખવંદનકરીચે.



લાઈફ ટાઈમ*
ડિમેટ એકાઉન્ટ ફ્રી
AM TRADING
ફ્રી એડવાઈઝરી
EQUITY STOCK
IPO/SME IPO
OPTION TRADING
NIFTY BANK NIFTY
COMODITY
CURRANCY
Design by:- With Me Digital : 9537300305
દરરોજ ફ્રી માહિતી મેળવવા માટે આપેલ QR CODE SCAN કરીને જોઈન કરો.
Mayuri Bagadai
63555 17630
AM trading
am_trading71

- 200 sq ft with attached toilet and wash basin 2 nd floor Shop no 24 Road side view
- Atlantis hills Near Ramdevpir chowkdi
- Rent 10000 Advance 2 deposit lift and general toilet available
- 11 months agreement compulsory

Contact- 9725078721

મધુવન કોચિંગ ક્લાસીસ સંભાળી શકે તેવા સ્ટાફની જરૂરીયાત છે.

રૂબરૂ મળવાનો સમય સોમવારથી મંગળવાર સવારે ૧૦ થી ૧૨ અને સાંજે ૪ થી ૬

ધોરણ ૧૦-૧૨ બાદ યુપીએસસી અને જીપીએસસીના કોચિંગ ક્લાસ સંભાળી શકે તેવાં ઉત્સવાહસ કોચની જરૂર છે. આકર્ષિક પગાર

Mo.80000 11119

ADDRESS: B,210 AALP, LIMDA CHOK RAJKOT

નાગેશ્વરમાં કસમાં પ્લોટ વેચવાનો છે પાણીના સંપની પાછળ 490 વાર 25000 ભાવ

Mo.9898317826

નો ફેવર, નો ફિઅર...

# સામના મિરર

Daily Morning Newspaper



## ડિજિટલ ભારતની સાથે

તમે પણ બનો ડિજિટલ...



તમારા ધંધા-વેપારની
જાહેરાત 'સામના મિરર'માં
આપી આપના
વ્યવસાયને પહોંચાડો
લાખો વાંચકો સુધી...





મોબાઇલમાં નિયમિત સમાચારો મેળવવા


**વોટ્સએપ** પર

**Hi લખીને મોકલો**



**98983 17826**

અને જોડાઇ જાવ અમારી સાથે...


VS
GRAPHICS
આપના
ન્યુઝ પેપરને
આપીશુ એક
નવી ઉંચાઈ
મહેનત અમારી,
સફળતા તમારી
સચોટ માર્ગદર્શક
અદ્ભુત લે-આઉટ
અવનવી તસવીરો સાથે
M : 94097 57062